# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ,આ.કૃ.યુ.અરણેજ ખાતે આંતરરરાષ્ટ્રીય મહિલા દિવસ ની ઉજવણી

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ,આ.કૃ.યુ.અરણેજ જી.અમદાવાદ ખાતે તા; ૦૮/03/૨૦૨૧ સોમવાર ના રોજ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ ની ઉજવણી ના ભાગ રૂપે અમદાવાદ જીલ્લા ના વિવિધ ગામોના કુલ ૫૧ મહિલા ખેડૂતો તેમજ નારદિપુર ની શૈક્ષણિક સંસ્થા ની બેચલર ઓફ રૂરલ સ્ટડીસ ની દસ વિધાર્થિનીયોએ હોંશ ભેર ભાગ લીધેલ.કાર્યક્રમ ની શરૂઆત કૃષિ ગીત સાથે કરી, કેન્દ્ર ના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા ડૉ. કે. ડી. ગુલકરી દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિન નો ઇતિહાસ જણાવી તેના મહત્વ વિષે જણાવ્યુ.ત્યાર બાદ ICAR દ્વારા યોજાયેલ વર્ચુઅલ કાર્યક્રમ સાથે જોડાઈ કાર્યક્રમ આગળ ધપાવવામાં આવ્યો.સદર કાર્યક્રમમાં "વુમેન ફાર્મર્સ ફોરમ" ના વાઇસ ચેરપરસન તરીકે ફરજ બજાવતા વિવિધ દેશો-વિયતનામ,ફિલિપાઈન્સ,ઇસ્લામાબાદ વિગેરે દેશોની મુલાકાત લઈ ભારત દેશ નું પ્રતિનિધિત્વ કરનાર તેમજ રાષ્ટ્રપતિ એવાર્ડ મેળવેલ તેવા ધોળકા તાલુકાનાં સિમેજ ગામના પ્રગતિશીલ ખેડુત મહિલા શ્રીમતી જસુમતિબેન પરમારે મુખ્ય અતિથિ તરીકે હાજર રહી મહિલા સશક્તિકરણ પર પ્રવચન આપી પોતાના બોહળા અનુભવ નો લાભ આપી બહનોને પ્રોત્સાહન આપ્યું હતું. કાર્યક્રમ અંતર્ગત વિધાર્થીનિયો માટે "કૃષિમાં મહિલાઓની આગેવાની" વિષય ઉપર નિબંધ પ્રતિયોગિતાનુ આયોજન કરવામાં આવ્યું,તેમજ બ્રહ્મકુમારી માનનીય જાગૃતિબેન દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે આપેલ પ્રવચન અને મહિલા સ્વાસ્થ્ય જાગૃતિ અંગે ની ફિલ્મ ના વિડિયોશોનું આયોજન કરવામાં આવ્યું હતું.વધુમાં  કેન્દ્રના અન્ય વૈજ્ઞાનિકશ્રીઓ- એચ.એચ.ચાવડા અને ડૉ. એન. આર. પટેલ દ્વારા પ્રાસંગોચિત વ્યક્તત્વ આપેલ.

અંતમાં બહનો દ્વારા કેન્દ્ર ના વિવિધ ફાર્મ,યુનિટ અને કૃષિ સંશોધન કેન્દ્ર ની મુલાકાત લેવા માં આવી.

સદર કાર્યક્રમ નું સંપૂર્ણ સંચાલન શ્રીમતી એચ.એચ.ચાવડા દ્વારા કરવામાં આવ્યું.

| | |
|---|---|
|  |  |